RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 13 * Issue No. 03 * Date: 22.10.2026,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

ઉત્તર પ્રદેશ : દુર્ગા મૂર્તિ વિસર્જન દરમિયાન મોટો અકસ્માતઃ હાઈટેન્શન વાયર અડતાં ૩ના મોત



ગોરખપુરમાં દુર્ગા વિસર્જન દરમિયાન એક કરુણ દુર્ઘટના સર્જાઈ છે. બુધવારે સાંજે ગુલરિહા વિસ્તારમાં ટ્રેક્ટર-ટ્રોલીમાં સવાર લોકો હાઈટેન્શન વીજ વાયરની અડફેટે આવતા ૩ના મોત થયા છે અને ૧૧ લોકો ગંભીર રીતે દાઝી ગયા છે. મૃતકોમાં બે સગા ભાઈઓનો સમાવેશ થાય છે. ઈજાગ્રસ્તોને મંડ્ઢ મેડિકલ કોલેજમાં દાખલ કરાયા છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોક છવાયો છે. ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લામાં દુર્ગા મૂર્તિ વિસર્જન દરમિયાન એક અત્યંત દર્દનાક દુર્ઘટના સામે આવી છે. ગુલરિહા પોલીસ સ્ટેશન વિસ્તારના જંગલ અયોધ્યા પ્રસાદ ચૌહાણ ટોલા નજીક બુધવારે સાંજે ટ્રેક્ટર-ટ્રોલી પર સવાર લોકો અચાનક હાઈટેન્શન વીજ વાયરની અડફેટે આવી ગયા હતા. આ ગંભીર અકસ્માતમાં કરંટ લાગવાને કારણે ૩ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે, જ્યારે ૧૧ લોકો ગંભીર રીતે દાઝી ગયા છે. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે મંડ્ઢ મેડિકલ કોલેજમાં ખસેડવામાં આવ્યા છે. આ કરુણ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી સાથે શોકનો માહોલ છવાઈ ગયો છે.મળતી વિગતો મુજબ, બુધવારે સાંજે સ્થાનિક શ્રદ્ધાળુઓ ટ્રેક્ટર-ટ્રોલીમાં સવાર થઈને ઉત્સાહભેર દુર્ગા મૂર્તિ વિસર્જન માટે જઈ રહ્યા હતા. આ દરમિયાન જંગલ અયોધ્યા પ્રસાદ ચૌહાણ ટોલા પાસેથી પસાર થતી વખતે ટ્રેક્ટર પર સવાર લોકો ઉપરથી પસાર થતી હાઈટેન્શન લાઈનની ઝપેટમાં આવી ગયા હતા. વીજ કરંટનો જોરદાર આંચકો લાગતાં જ લોકોમાં ભારે નાસભાગ અને ચીસાચીસ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને વહીવટી તંત્રની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને સ્થાનિક લોકોની મદદથી ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી.આ અકસ્માત એટલો ભયાનક હતો કે હોસ્પિટલ પહોંચતાં જ તબીબોએ ૩ લોકોને મૃત જાહેર કર્યા હતા. મૃતકોમાં બે સગા ભાઈઓ અને એક તેમના માસીયાઈ ભાઈનો સમાવેશ થાય છે.

'૧૨ દિવસમાં ૩૪ હુમલા કરી ૨૩ પાકિસ્તાની સૈનિકોને ઠાર માર્યા...', BLA નો મોટો દાવો

પાકિસ્તાનમાં મ્ંછ એ સેના સામે મોરચો ખોલ્યો છે. ૯ થી ૨૦ ઓક્ટોબર દરમિયાન બલૂચિસ્તાન લિબરેશન આર્મીએ ૩૪ ઓપરેશનનો દાવો કર્યો. જેમાં ૨૩ પાકિસ્તાની સુરક્ષાકર્મીઓ માર્યા ગયા અને ૧ જવાન પકડાયો. આર્થિક નાકેબંધી હેઠળ મુખ્ય રાજમાર્ગો પર ચેકિંગ કરાયું. અથડામણમાં મ્ંછ ના ૬ સભ્યો પણ શહીદ થયા. આ દાવાથી પાકિસ્તાની સેનાની ચિંતા વધી છે'૧૨ દિવસમાં ૩૪ હુમલા કરી ૨૩ પાકિસ્તાની સૈનિકોને ઠાર માર્યા...', મ્ંછ નો મોટો દાવાપાકિસ્તાનમાં સૈન્ય સામે બલૂચિસ્તાન લિબરેશન આર્મી



(મ્ંછ) એ મોરચો ખોલી દીધો છે. મ્ંછ એ એક મોટો દાવો કરતા જણાવ્યું છે કે તેના લડાયકોએ ગત ૯ ઓક્ટોબરથી ૨૦ ઓક્ટોબર વચ્ચે માત્ર ૧૧-૧૨ દિવસમાં પાકિસ્તાનભરમાં કુલ ૩૪ ઓપરેશનને અંજામ આપ્યો છે. આ હુમલાઓમાં ૨૩ જેટલા પાકિસ્તાની સુરક્ષાકર્મીઓ માર્યા ગયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.મ્ંછ ના દાવા મુજબ જાનમાલનું નુકસાનઆ ઓપરેશનોમાં પાકિસ્તાની સેનાના ૧૪ જવાન તેમજ મિલિટરી ઈન્ટેલિજન્સ અને કથિત 'ડેથ સ્કવોડ' ના ૯ સભ્યો માર્યા ગયા છે. સંગઠને દાવો કર્યો છે કે તેમના લડાયકોએ પાકિસ્તાની સેનાના એક સક્રિય જવાનને જીવતો પકડી લીધો છે. 'આર્થિક નાકેબંધી' નીતિ હેઠળ બલૂચ લડાયકોએ મુખ્ય રાજમાર્ગો પર નિયંત્રણ મેળવીને અચાનક ચેકિંગ હાથ ધર્યું હતું.પાકિસ્તાની સુરક્ષા દળો સાથેની સીધી અથડામણમાં મ્ંછ ના ૬ સભ્યો પણ માર્યા ગયા હોવાનું સંગઠને સ્વીકાર્યું છે. પાકિસ્તાનની અસ્થિર આંતરિક પરિસ્થિતિ અને બલૂચિસ્તાનમાં વધતા વિદ્રોહ વચ્ચે મ્ંછ ના આ દાવાથી પાકિસ્તાની સેનાની ચિંતાઓમાં મોટો વધારો થયો છે.

ભારતનો માથાદીઠ જીડીપી બાંગ્લાદેશથી પણ પાછળ : આઈએમએફનો દાવો



ગુજરાતના ૩ તાલુકા વઘઇ, કપરાડા, ઉમરપાડામાં આ ચોમાસામાં ૧૦૦ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. ડાંગના વઘઈમાં સરેરાશ ૧૨૨.૫૧ ઈંચ સાથે સૌથી વધુ વરસાદ નોંધાયો છે.ૅસ્ત્ર મુજબ, ૨૦૨૬માં ભારતનો માથાદીઠ ર્ઢ્ઢ બાંગ્લાદેશથી પાછળ રહેશે, પરંતુ ૨૦૨૯માં ભારત ફરી આગળ નીકળશે. રૂપિયાના અવમૂલ્યનથી ભારતનું ૫ ટ્રિલિયન ડોલર અર્થતંત્ર બનવાનું લક્ષ્ય ૨૦૨૯ પર ધકેલાયું છે. વાર્ષિક પરીક્ષા હોય કે ક્રિકેટની રમત તેમાં 'સદી'ના માઈલસ્ટોન સુધી પહોંચવાનું દરેકનું લક્ષ્ય હોય છે. જોકે, વરસાદને મામલે પણ ગુજરાતના ત્રણ તાલુકા એવા છે જે આ વખતે 'સદી'ના માઈલસ્ટોન સુધી પહોંચવામાં સફળ રહ્યા છે. ચોમાસાની વર્તમાન સિઝનમાં આ વખતે વઘઇ, કપરાડા, ઉમરપાડામાં ૧૦૦ ઈંચ કરતાં પણ વધારે વરસાદ નોંધાઈ ચૂક્યો છે. જેમાં ડાંગ જિલ્લામાં આવેલા વઘઈમાં સરેરાશ ૧૨૨.૫૧ ઈંચ સાથે સૌથી વધુ વરસાદ પડ્યો છે. સરેરાશ ૧૨૨.૫૧ ઈંચ સાથે સૌથી વધુ વરસાદ પડ્યો છે.આઈએમએફના વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૬માં ભારતનો માથાદીઠ જીડીપી બાંગ્લાદેશ કરતાં પણ પાછળ રહેવાનો અંદાજ છે. હાલમાં બાંગ્લાદેશનો માથાદીઠ જીડીપી ૨,૮૮૬ ડોલર રહેવાની શક્યતા છે, જ્યારે ભારતનો આ આંકડો ૨,૭૪૯ ડોલર રહેવાનો અંદાજ છે. આઈએમએફે જાહેર કરેલા અહેવાલમાં વૈશ્વિક અર્થતંત્રની સ્થિતિ અને આગામી વર્ષના આથક અંદાજો રજૂ કર્યા છે.આઈએમએફના અંદાજ અનુસાર, વર્ષ ૨૦૨૭માં બાંગ્લાદેશનો માથાદીઠ જીડીપી વધીને ૩,૨૧૯ ડોલર થઈ શકે છે, જ્યારે ભારતનો ૩,૦૩૬ ડોલર રહેવાની શક્યતા છે. વર્ષ ૨૦૨૮માં પણ બાંગ્લાદેશ ભારત કરતાં આગળ રહેવાનો અંદાજ છે. જોકે, વર્ષ ૨૦૯માં પરિસ્થિતિ બદલાઈ શકે છે. ૨૦૨૯માં ભારતનો માથાદીઠ જીડીપી ૩,૬૬૧ ડોલર થવાનો અંદાજ છે, જ્યારે બાંગ્લાદેશનો ૩,૩૩૪ ડોલર રહેવાની આગાહી કરાઈ છે. આમ, આઈએમએફના વર્તમાન અનુમાન પ્રમાણે ભારત ૨૦૨૯માં ફરી બાંગ્લાદેશને પાછળછોડીશકેછે.આઈએમએફના અહેવાલના વિશ્લેષણમાં જણાયું છે કે ભારતની અર્થવ્યવસ્થા ઝડપથી વૃદ્ધિ પામી રહી હોવા છતાં રૂપિયાના મૂલ્યમાં ઘટાડાને કારણે પાંચ ટ્રિલિયન ડાલરની અર્થવ્યવસ્થા બનવાનું લક્ષ્ય એક વર્ષ પાછળ ધકેલાયું છે. આઈએમએફના તાજેતરના અંદાજોના વિશ્લેષણ મુજબ, ભારતનું અર્થતંત્ર હવે ૨૦૨૮ને બદલે ૨૦૨૯માં પાંચ ટ્રિલિયન ડાલરનુંકદવટાવશે.આઈએમએફએ આક્ટોબરના વર્લ્ડ ઈકોનોમિક આઉટલુકમાં ૨૦૨૮ માટે ભારતના જીડીપીનો અંદાજ અગાઉના ૫.૧ ટ્રિલિયન (૫.૧ લાખ કરોડ) ડોલરથી ઘટાડીને ૪.૯૯૬ ટ્રિલિયન ડોલર કર્યો છે. જોકે, રૂપિયામાં ગણવામાં આવતા દેશના આથક ઉત્પાદનનો અંદાજ વધારવામાં આવ્યો છે.



૩.૩ કરોડની ખંડણી અને મોતની ધમકી... ૧૩ લાખ ફોલોઅર્સ ધરાવતા યુટ્યુબરના આપઘાતથી સનસનાટી

'ફાયનાન્સ વિથ હરીશ' પેજ ચલાવતા ૨૭ વર્ષીય ફાયનાન્સ ઈન્ફ્લુએન્સર વી. હરીશ ચેન્નાઈ નજીક ભાડાના વિલામાંથી ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા છે. તેમના પિતાએ કાનથુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી, ઝેમુરિયા ઈન્કના સીઈઓ જેસન સેમ્યુઅલ સામે ઓનલાઈન ઉત્પીડન, ધમકીઓ અને ૩ કરોડની ખંડણીનો આરોપ લગાવ્યો છે. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે. સોશિયલ મીડિયા પર 'ફાયનાન્સ વિથ હરીશ' પેજ ચલાવતા ૨૭ વર્ષીય ફાયનાન્સ ઈન્ફ્લુએન્સર વી હરીશ ચેન્નાઈ નજીક ભાડાના વિલામાંથી શંકાસ્પદ હાલતમાં ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા છે. છેલ્લા ૫ વર્ષથી રોકાણ અને ફાયનાન્સ અંગે વીડિયો બનાવતા હરીશના ઈન્સ્ટાગ્રામ પર ૧૩ લાખથી વધુ ફોલોઅર્સ હતા. પુત્રના આ અચાનક પગલાં બાદ તેમના પિતાએ કાનથુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવીને આરોપ મૂક્યો છે કે, ઓનલાઈન ઉત્પીડન, માનસિક ત્રાસ અને ધમકીઓના કારણે તેમના પુત્રએ આ પગલું ભર્યું છે.હરીશના પિતાએ ઝેમુરિયા ઈન્કના સીઈઓ જેસન સેમ્યુઅલ સામે પોલીસ ફરિયાદ કરી છે. ફરિયાદમાં જણાવાયું છે કે, સેમ્યુઅલે ૧૮ ઓક્ટોબરે સોશિયલ મીડિયા પર શ્રેણીબદ્ધ વીડિયો મૂકીને હરીશ પર જનતાને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો હતો અને તેને જાહેરમાં અપમાનિત કર્યો હતો. આ વિવાદ બાદ મેટાએ હરીશનું મુખ્ય ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ તેમજ નવું એકાઉન્ટ પણ બંધ કરી દીધું હતું. પિતાનો વધુમાં આરોપ છે કે, સેમ્યુઅલે પુડુચેરીના મુખ્યમંત્રી અને ધારાસભ્યના નામની ધમકી આપી હતી, પરિવારને નુકસાન



પહોંચાડવાની ધમકી આપી હતી અને હરીશ પાસેથી રૂ.૩ કરોડની માંગણી પણ કરી હતી.હરીશે તેના અંતિમ વીડિયોમાં પોતાની સાથે ચાલી રહેલા વિવાદ અને માનસિક ત્રાસ વિશે ખુલાસો કર્યો હતો. તેણે જણાવ્યું હતું કે, તેની છેલ્લા ૫ વર્ષની મહેનત છીનવી લેવામાં આવી છે. આવકવેરાના નામે જેલ મોકલવાની અને નાણાં પડાવવાની ધમકીઓ આપવામાં આવી રહી હતી. હરીશે કોઈને પણ આ રીતે બદનામ ન કરવાની અપીલ કરી હતી અને પોતાનો વીડિયો જાહેર કરવાની વિનંતી કરી હતી. પરિવારે હવે આ વીડિયો, સોશિયલ મીડિયા મેસેજીસ તેમજ મેટા દ્વારા એકાઉન્ટ બંધ કરવા પાછળના કારણોની ઊંડાણપૂર્વક તપાસ કરવા પોલીસને અરજી કરી છે.બીજી તરફ, ઝેમુરિયાના સીઈઓ જેસન સેમ્યુઅલે એક્સ પર પોસ્ટ કરીને સાયબર બુલિંગના તમામ આરોપોને નકારી કાઢ્યા છે. તેમણે હરીશના મૃત્યુ અંગે ઊંડો શોક વ્યક્ત કરતા સ્પષ્ટતા કરી હતી કે તેમનો વિરોધ માત્ર ફાયનાન્સિયલ સલાહ આપવા માટે જરૂરી કાયદેસરના લાયસન્સ સામે હતો.

તંત્રી લેખ

શેરબજારમાં ઉથલપાથલ, સેન્સેક્સમાં ઉછાળા બાદ ૧૩૦૦ તો નિફ્ટીમાં ૪૦૦થી વધુ પોઈન્ટનો કડાકો

આજે શેરબજારમાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળ્યો. સવારે સેન્સેક્સ ૭૪,૬૮૨.૧૯ અને નિફ્ટી ૨૩,૧૨૦.૯૦ પર ખૂલ્યા હતા. જોકે, ટ્રેડિંગ સેશન દરમિયાન સેન્સેક્સ ૧૩૨૬ પોઈન્ટ અને નિફ્ટી ૪૧૮ પોઈન્ટ ગબડ્યા હતા. રોકાણકારોને અણધારી સ્થિતિનો સામનો કરવો પડ્યો, જેથી બજારમાં ભારે ઉથલપાથલ મચી ગઈ. શેરબજારમાં આજે દિવસ ભારે ઉતાર-ચઢાવ ભર્યો રહ્યો છે. આજે શેરબજારની શરૂઆત પહેલા દિવસમાં હરિયાળીભરી રહી હતી. સેન્સેક્સ અને નિફ્ટી પ્લસમાં ખુલ્યા હતા. જોકે જેમ જેમ ટ્રેડિંગ આગળ વધતુ ગયું તેમ તેમ બંને ઈન્ડેક્સમાં જોરદાર કડાકાની સ્થિતિ જોવા મળી અને રોકાણકારોએ વિચાર્યું પણ નહી હોય તેવી સ્થિતિ સર્જાઈ.

માહિતી અનુસાર ગઈકાલે સોમવારે સેન્સેક્સનું ક્લોઝિંગ ૭૩,૮૫૨.૯૦ પોઈન્ટ રહ્યું હતું. જોકે આજે સેન્સેક્સ ચઢીને ખુલતાં ૭૪,૬૮૨.૧૯ પોઈન્ટની ટોચે પહોંચી ગયો હતો. જોકે અચાનક જ બજારે ત્યાંથી યુ-ટર્ન માર્યો અને સેન્સેક્સે સીધી ૭૩,૩૫૬.૭૧ ની નીચલી સપાટી સ્પર્શી હતી. જેના કારણે સેન્સેક્સમાં કુલ ૧૩૨૬ થી વધુ પોઈન્ટની ઉથલપાથલ મચી ગઈ હતી. સેન્સેક્સ આજે દિવસની શરૂઆતમાં કુલ ૭૭૬ પોઈન્ટ ચઢ્યો હતો અને હાલમાં ૪૯૬ પોઈન્ટ ના કડાકા પર ટ્રેડ થઈ રહ્યું છે.બીજી બાજુ નિફ્ટીની વાત કરીએ તો સોમવારે નિફ્ટી ૨૨,૮૮૮.૯૫ પર ક્લોઝ થઈ હતી. જે આજે એકઝાટકે ૨૩૨ પોઈન્ટના ઉછાળા બાદ ૨૩,૧૨૦.૯૦ ની સપાટીને સ્પર્શી ગઈ હતી. જોકે આ તેજી જળવાઈ નહીં અને પછી ટ્રેડિંગના મધ્યમાં જ નિફ્ટી ફરી ગબડીને ૨૨,૭૦૨.૮૫ ની લોઅર સપાટીએ પહોંચી ગઈ હતી. જે દર્શાવે છે કે નિફ્ટીમાં આજે કુલ ૪૧૮ પોઈન્ટનું ગાબડું પડ્યું હતું. જોકે પછીથી થોડીક રિકવરી દર્શાવતા નિફ્ટી સમાચાર લખવા સુધીમાં ૧૮૬ પોઈન્ટના કડાકા પર ટ્રેડ થઈ રહી હતી.

સોમાતળાવમાં ગરબા જોવા આવેલા યુવકની હત્યાનો બનાવઃ રૂ. ૩૦ લાખ અને બે મકાનની લાલચ આપી કાવતરું ઘડ્યાનો પોલીસનો ખુલાસો



વડોદરામાં સોમાતળાવ પાસે ૨૪ વર્ષીય નિલેશ વણઝારાની હત્યાનો ભેદ પોલીસે ઉકેલી, મુખ્ય આરોપી સહિત ૪ને ઝડપ્યા છે. રૂ. ૩૦ લાખ અને ૨ મકાનની લાલચ આપી અગાઉની હત્યાની અદાવતમાં આ કાવતરું ઘડાયું હતું. પોલીસે ૧૦૦થી વધુ ઝઝ્ફ ફૂટેજ તપાસી, મહિસાગર જિલ્લામાંથી મુખ્ય આરોપી પુનમ વણઝારાને પકડ્યો. અન્ય આરોપીઓમાં વિક્રમ, સતિષ અને વિજયકુમારનો સમાવેશ થાય છે.

વડોદરા શહેરના સોમાતળાવ વિસ્તારમાં આવેલા સ્વાગત પાર્ટી પ્લોટ બહાર ગરબા જોવા આવેલા ૨૪ વર્ષીય નિલેશ વણઝારાની હત્યાના બનાવમાં એલસીબી ઝોન-૩ અને કપુરાઈ પોલીસને સફળતા મળી છે. પોલીસે હત્યાને અંજામ આપનાર મુખ્ય આરોપી સહિત કુલ ચાર આરોપીઓને ગણતરીના કલાકોમાં ઝડપી પાડી ગુનાનો ભેદ ઉકેલ્યો હોવાનો દાવો કર્યો છે. પોલીસ તપાસમાં હત્યા માટે રૂ. ૩૦ લાખ અને બે મકાન અપાવવાની લાલચ આપવામાં આવી હોવાની વિગતો સામે આવી છે. અગાઉ થયેલી હત્યાની અદાવતમાં આ કાવતરું ઘડવામાં આવ્યું હોવાની પણ પોલીસને માહિતી મળી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ગત ૧૯ ઓક્ટોબરે કપુરાઈ પોલીસ સ્ટેશનમાં હત્યા અને હથિયારબંધીના જાહેરનામાના ભંગ અંગે ગુનો નોંધાયો હતો. ફરિયાદી વિકાસ વણઝારાનો નાનો ભાઈ નિલેશ વણઝારા (ઉ.વ. ૨૪) સ્વાગત પાર્ટી પ્લોટ ખાતે યોજાયેલા વણઝારા સમાજના ગરબા જોવા માટે મોટરસાઈકલ લઈને ગયો હતો. રાત્રે ૧૨:૩૬ વાગ્યાના અરસામાં પાર્ટી પ્લોટની બહાર મોટરસાઈકલ પાર્ક કરીને બેઠો હતો, ત્યારે મોઢા પર માસ્ક પહેરીને આવેલા અજાણ્યા શખસે ધારદાર હથિયાર વડે તેના પર વારંવાર ઘા ઝીક્યા હતા. ગંભીર ઈજાઓને કારણે નિલેશનું મોત થયું હતું અને હુમલાખોર ત્યાંથી ફરાર થઈ ગયો હતો.પોલીસ તપાસ દરમિયાન આશરે ત્રણ મહિના પહેલાં કિશનવાડી વુડાના મકાનો સામે કૃત્રિમ તળાવ નજીકના ખુલ્લા મેદાનમાં થયેલી હત્યાની ઘટના સામે આવી હતી. તે કેસમાં મૃતકના ભાઈ અજય વિક્રમભાઈ વણઝારા હાલ વડોદરા સેન્ટ્રલ જેલમાં હોવાની વિગતો પોલીસને મળી હતી. આ અગાઉની ઘટનાની અદાવતને કારણે હાલના બનાવમાં હુમલો કરાવવામાં આવ્યો હોવાની શંકાના આધારે પોલીસે તપાસ આગળ ધપાવી હતી.

આ તપાસમાં વિક્રમ ગોરધનભાઈ વણઝારાની પૂછપરછ કરવામાં આવી હતી. શરૂઆતમાં તેણે ગુનામાં સંડોવણી અંગે સ્પષ્ટતા કરી ન હતી, પરંતુ પોલીસે વધુ પૂછપરછ કરતાં કાવતરાની વિગતો સામે આવી હોવાનું જણાવ્યું છે.પોલીસના જણાવ્યા મુજબ, હત્યા કરવા માટે પુનમ અમરસિંહ વણઝારાને વારંવાર આર્થિક મદદ કરવામાં આવતી હતી. ઘરનું ભાડું અને ઘરવખરી માટે પણ નાણાં આપવામાં આવતાં હતાં. ત્યારબાદ નિલેશની હત્યા કરવા બદલ રૂ. ૩૦ લાખ અને બે મકાન અપાવવાની વાત કરવામાં આવી હતી. આ લાલચના આધારે પુનમે હત્યા કરવા સંમતિ આપી હોવાનું પોલીસ સમક્ષ કબૂલ્યું હોવાનું જણાવાયું છેનિલેશની અવરજવર પર નજર રાખવામાં આવતી હતી. તે સ્વાગત પાર્ટી પ્લોટ ખાતે ગરબા જોવા જતો હોવાની માહિતી મળતાં હત્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસના જણાવ્યા પ્રમાણે, ઘટનાના ત્રણથી ચાર દિવસ પહેલાં પુનમ અને વિક્રમ જાંબુવા બ્રિજ પાસેની એક હોટલમાંથી બે છરી ખરીદીને લાવ્યા હતા.પોલીસના જણાવ્યા અનુસાર, ૧૮ ઓક્ટોબરે પુનમ, વિક્રમ, વિજયકુમાર ઉર્ફે વિજુ ઉર્ફે બ્રીજેશ અને સતિષ ઉર્ફે ગલ્લાએ ભેગા મળીને હત્યાનું આયોજન કર્યું હતું. નક્કી થયા મુજબ વિજયકુમારને સ્વાગત પાર્ટી પ્લોટ ખાતે નિલેશની વોચ રાખવા માટે બેસાડવામાં આવ્યો હતો.નિલેશ પાર્ટી પ્લોટ ખાતે પહોંચ્યો હોવાની જાણ થતાં વિક્રમે પુનમને નંબર પ્લેટ વગરની મોટરસાઈકલ અને છરી આપી હતી. પુનમ મોટરસાઈકલ લઈને ઘટનાસ્થળે પહોંચ્યો હતો, જ્યારે સતિષ ભાડાની રિક્ષા લઈને તેની પાછળ ગયો હતો. વિજયકુમારે નિલેશ તરફ ઈશારો કરીને ઓળખ કરાવતાં પુનમે મોટરસાઈકલ ચાલુ રાખીને નજીક ઊભી રાખી હતી અને નિલેશ પાસે જઈ છરીના ત્રણથી ચાર ઘા ઝીંક્યા હતા.હુમલો કર્યા બાદ પુનમ દોડીને થોડે દૂર પાર્ક કરેલી રિક્ષામાં બેસી ગયો હતો. હત્યામાં વપરાયેલી છરી રિક્ષાના પાછળના ભાગમાં નાખી દેવામાં આવી હતી. ત્યારબાદ તક મળતાં પુનમ મોટરસાઈકલ લઈને ભાગી ગયો હતો. થોડે દૂર મોટરસાઈકલ મૂક્યા બાદ સતિષ રિક્ષા લઈને આવ્યો હતો અને પુનમ તેની સાથે બેસીને ફરાર થયો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.હત્યાનો ભેદ ઉકેલવા પોલીસે ઘટનાસ્થળની આસપાસના ૧૦૦થી વધુ સીસીટીવી કેમેરાનાં દશ્યો તપાસ્યાં હતાં. ઘટનાસમયે હાજર લોકોની પૂછપરછ અને વિક્રમની પૂછપરછના આધારે પુનમની ઓળખ થઈ હતી. જોકે, તે મોબાઈલ ફોન બંધ કરીને ફરાર થઈ ગયો હતો.ટેકનિકલ અને માનવ બાતમીદારોની મદદથી તપાસ કરતાં પુનમ મહિસાગર જિલ્લા અથવા રાજસ્થાન તરફ ભાગ્યો હોવાની માહિતી મળી હતી. આથી પોલીસે બે અલગ ટીમો રાજસ્થાન અને મહિસાગર જિલ્લામાં મોકલી હતી. આખરે પુનમને મહિસાગર જિલ્લાના લુણાવાડા વિસ્તારની હદમાંથી ઝડપી લેવામાં આવ્યો હતો.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે પોલીસ સ્મૃતિ દિવસ નિમિત્તે વીર શહીદ પોલીસકર્મીઓને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ પાઠવતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી





રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે રાષ્ટ્રની એકતા, અખંડિતતા, શાંતિ અને નાગરિકોની સુરક્ષા માટે પોતાના પ્રાણોનું સર્વોચ્ચ બલિદાન આપનાર અમર શહીદ પોલીસ જવાનોની સ્મૃતિમાં પોલીસ સ્મૃતિ દિવસની ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી તેમના પરિવારજનોના સમર્પણને નમન કર્યા હતા. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, દેશમાં શાંતિ અને કાયદો-વ્યવસ્થા જાળવવા પોતાના જીવનની પરવા કર્યા વિના બલિદાન આપનારા શહીદો પ્રત્યે સમગ્ર રાષ્ટ્ર સદાય ઋણી રહેશે. જે માતા-પિતાએ પોતાના લાડકવાયા સંતાનોને રાષ્ટ્રસેવામાં સમર્પિત કર્યા અને ફરજ પ્રત્યે નિષ્ઠાના સંસ્કારો આપ્યા, તેવા પરિવારજનો પ્રત્યે રાજ્યપાલશ્રીએ હૃદયપૂર્વકની સંવેદના અને આદરભાવ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે યુનિવર્સિટી કેમ્પસ ખાતે શહીદોની સ્મૃતિને જીવંત રાખવા અને આવનારી પેઢીઓને દેશભક્તિની પ્રેરણા મળી રહે તે માટે શહીદ સ્મારક દીવાલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ સાથે જ ગુજરાત પોલીસના વીર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પવા માટે એક વિશેષ ડિજિટલ ડેશબોર્ડનું તેમજ ફાયરિંગ સિમ્યુલેટર લેબનું પણ લોન્ચિંગ કરાયું હતું. રાજ્યપાલશ્રીએ દિલ્હી સ્થિત રાષ્ટ્રીય પોલીસ સ્મારકનો ઉલ્લેખ કરતા ઉમેર્યું હતું કે, દેશભરના યુવાનો માટે આવા સ્મારકો રાષ્ટ્રપ્રેમ અને સમર્પણની પ્રેરણાના કેન્દ્રો બને છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતુ કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ તેમના ગુજરાતના મુખ્યમંત્રીપદના કાર્યકાળ દરમિયાન દેશમાં સર્વપ્રથમ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ટીચર્સ યુનિવર્સિટી, કામધેનુ યુનિવર્સિટી, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી અને રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી જેવી અનોખી સંસ્થાઓ સ્થાપવાની પહેલ કરી હતી. આ તમામ સંસ્થાઓ વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને 'વિકસિત ભારત' બનાવવાના મિશનમાં પાયાની મજબૂત ઈંટો સાબિત થશે.

રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે, આજે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી દેશના વિવિધ પ્રદેશોમાંથી આવતા પોલીસ અને પેરામિલિટ્રી ફોર્સના જવાનોને આધુનિક સુરક્ષા, સાયબર ક્રાઈમ અને સમયની જરૂરિયાત મુજબનું ઉત્કૃષ્ટ પ્રશિક્ષણ આપી રહી છે. ભારતની સનાતન સંસ્કૃતિ અને વૈદિક વિચારો વિશે તેમણે જણાવ્યું હતું કે, ભારત અહિંસા, શાંતિ, સહિષ્ણુતા અને ભાઈચારામાં માનતો દેશ છે. પરંતુ શાંતિ અને સત્યના રક્ષણ માટે બળવાન અને સક્ષમ હોવું પણ એટલું જ જરૂરી છે. કાયરતા અને નબળાઈથી શાંતિ જળવાતી નથી; દુષ્ટ તત્વો સામે આત્મરક્ષા અને રાષ્ટ્રરક્ષા માટે મજબૂત થવું એ જ વીરતાનું સાચુ આભૂષણ છે. તેમણે યુવા પેઢી અને તાલીમાર્થીઓને 'माता भूमिः पुत्रो अहं पृथिव्याः' ના ભાવ સાથે માતૃભૂમિની સેવા માટે તત્પર રહેવા આહ્વાન કર્યું હતું.રાજ્યપાલશ્રીના હસ્તે ફિઝિકલ એડવેન્ચર વોલનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, તેમજ જેલ સહાયક તરીકે પરીક્ષા ઉત્તીર્ણ થયેલા જવાનોને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

ભારત ઓઈલ અને હથિયારો સુદાનમાં ગૃહ યુદ્ધ ભયાનક સ્તરે, બજારમાં અમેરિકા પાસેથી ખરીદે : રુબિયો ભીષણ ડ્રોન હુમલામાં ૧૫૦ લોકોના મોત

અમેરિકી વિદેશ મંત્રી રુબિયો અને ભારતના વિદેશ મંત્રી જયશંકરે મુંબઈમાં દ્વિપક્ષીય સંબંધો મજબૂત કરવા ચર્ચા કરી. રુબિયોએ ભારતને અમેરિકાથી ઊર્જા આયાત વધારવા આગ્રહ કર્યો. તેમણે ભારતને વેનેઝુએલાનું ઓઈલ ખરીદવાની પણ ઓફર કરી. બંને દેશો વચ્ચે વેપાર કરાર અંતિમ તબક્કામાં છે. ૨૬/૧૧ના શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી, અને અમેરિકી સ્વાતંત્ર્યના ૨૫૦ વર્ષની ઉજવણીમાં પણ ભાગ લીધો.અમેરિકી વિદેશ મંત્રીરુબિયો અને જયશંકર વચ્ચે મુંબઈમાં ચર્ચા: અમેરિકી સ્વાતંત્ર્યના ૨૫૦ વર્ષની ઉજવણીમાં બંને દેશોના વિદેશ મંત્રીઓની હાજરી : ટેરિફ વિવાદો વચ્ચે વેપાર સમજૂતીની આશાનવી દિલ્હી : ભારતની ત્રણ દિવસની મુલાકાતે આવેલા અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયો અને ભારતના વિદેશમંત્રી એસ. જયશંકરે દ્વિપક્ષીય સંબંધોમાં તણાવ વચ્ચે ઊર્જા, સંરક્ષણ, વેપાર અને ટેકનોલોજી ક્ષેત્રે સહયોગ વધારવા ચર્ચા કરી હતી. રુબિયોએ જણાવ્યું કે અમેરિકાથી ઊર્જાની આયાત વધારવાથી ભારતની સપ્લાય ચેઈન મજબૂત થશે. રુબિયોએ રશિયન ક્રૂડ ઓઈલ પરની ભારતની નિર્ભરતા વિશે કહ્યું કે ઊર્જાના વિવિધ સ્રોત અપનાવવાની ભારતની ઈચ્છા યોગ્ય છે અને તેમાં અમેરિકા સહયોગ આપી શકે છે. ભારતને વેનેઝુએલાનું ઓઈલ ખરીદવાની ઓફર પણ રુબિયોએ કરી હતી. જામનગરની રિફાઈનરીની મુલાકાત દ્વારા ઊર્જા શક્યતાઓ સમજવાનો તેમનો હેતુ છે. ભારત-અમેરિકા વચ્ચેનો પ્રસ્તાવિત વેપાર કરાર અંતિમ તબક્કાની નજીક હોવાનું પણ તેમણે જણાવ્યું.મુંબઈમાં રુબિયો તથા જયશંકરે મધ્યપૂર્વની ઘટનાઓ સહિતના વૈશ્વિક મુદ્દે ચર્ચા કરી હતી. રુબિયોએ કહ્યું હતું કે અમેરિકા સાથે ઉર્જા વેપારમાં વૃદ્ધિથી ભારત માટે સપ્લાય ચેઈનના બહુવિધ વિકલ્પો મળવાની રીતે મહત્વના ફેરફાર થઈ શકે છે. આ રીતે રુબિયોએ ભારતને અમેરિકાથી ઈંધણની આયાત વધારવા આગ્રહ કર્યો હતો. રુબિયોએ બંને દેશો વચ્ચે સંરક્ષણ, શાંતિપૂર્ણ હેતુઓ માટે અણુ ઊર્જાના ઉપયોગ સહિતની બાબતોમાં થયેલી પ્રગતિની પ્રશંસા કરી હતીઅને ભારત અમેરિકા પાસેથી ટેકનોલોજી અને સિસ્ટમ્સની ખરીદી વધારે તેવી તરફેણ કરી હતી.મુંબઈમાં અમેરિકી સ્વાતંત્ર્યના ૨૫૦ વર્ષની ઉજવણીમાં પણ રુબિયો અને જયશંકરે સાથે હાજરી આપી હતી. આ પ્રસંગે રુબિયોએ કહ્યું હતું કે વિશ્વના કોઈ બે દેશ એવા ન હોય કે જેમની વચ્ચે બધી બાબતે સંમતિ જ પ્રવર્તતી હોય પરંતુ મને ખુશી એ વાતની છે કે ભારત જેવા વિશાળ અને બહુ મહત્વના દેશ સાથે અમેરિકા અનેક બાબતે સમાન વિચારો અને નીતિ ધરાવે છે. ભારત અને અમેરિકા બંને પ્રતિભાશાળી એન્જિનિયર્સ, સર્જકો, સંશોધકો, ઉદ્યોગ સાહસિકોની સંખ્યાની બાબતે તથા ટેકનોલોજીના શાંતિમય ઉપયોગોની રીતે સમાન વલણ ધરાવે છે. આ પ્રસંગે જયશંકરે ભારતને.

સુદાનના વિવાદિત અબ્યેઈ વિસ્તારના વ્યસ્ત બજારમાં સોમવારે ડ્રોન હુમલો થયો. ઈંધણ ડેપો પર થયેલા આ હુમલામાં મૃત્યુઆંક વધીને ૧૫૩ થયો છે. અબ્યેઈના મંત્રીએ સુદાનની સેના પર હુમલાનો આરોપ લગાવ્યો, જોકે સેનાએ કોઈ પ્રતિક્રિયા આપી નથી. આ ઉપરાંત, પૂર્વ માલીમાં જેંજી આતંકવાદીઓએ ૪૮ નાગરિકોની હત્યા કરી. સુદાનના વિવાદિત અબ્યેઈ (છઢ્ઢઔ) વિસ્તારમાં આવેલા એક વ્યસ્ત બજારમાં સોમવારે બપોરના સમયે અચાનક ડ્રોન હુમલો થયો હતો. આ હુમલાને કારણે સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. ત્રણ રાજદ્વારી સૂત્રોના જણાવ્યા અનુસાર, ડ્રોન હુમલો બજારમાં



આવેલા એક ઈંધણ ડેપો પર કરવામાં આવ્યો હતો, જેના કારણે મોટી હોનારત સર્જાઈ હતી.મૃત્યુઆંક વધીને ૧૫૩ થયો, સુદાનની સેના પર આરોપઅબ્યેઈમાં કાર્યવાહક માહિતી મંત્રી યોહાના અકોલ નગોરે જણાવ્યું હતું કે, આ હુમલામાં માર્યા ગયેલા લોકોની સંખ્યા પહેલા ૭૩ નોંધાઈ હતી, જે હવે વધીને ૧૫૩ થઈ ગઈ છે. તેમણે કોઈપણ પુરાવા આપ્યા વિના દાવો કર્યો હતો કે આ ડ્રોન હુમલા માટે સુદાનની સેના જવાબદાર છે. જોકે, આ બાબતે જ્યારે સુદાની સશસ્ત્ર દળોના પ્રવક્તાનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આપી નહોતી.પૂર્વ માલીમાં જેંજી આતંકવાદીઓનો હાહાકાર: ૪૮ નાગરિકોની હત્યા

બીજી તરફ, મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મંગળવારે એક સાંસદે માહિતી આપી હતી કે વીકેન્ડ દરમિયાન પૂર્વ માલીના મેનાકા વિસ્તારમાં જેંજી સાથે જોડાયેલા આતંકવાદીઓએ હુમલો કર્યો હતો. આ હુમલામાં માસૂમ બાળકો અને વૃદ્ધો સહિત ૪૮ લોકોના મોત થયા છે. આતંકવાદી સમૂહે સામાન્ય નાગરિકોને નિશાન બનાવ્યા હતા. આતંકવાદીઓનો આરોપ હતો કે આ લોકોએ માલીની સેનાનેં જેંજીના ઠેકાણાઓ વિશે માહિતી આપી હતી, જેના આધારે સેનાએ તે આતંકી ઠેકાણાઓ પર ડ્રોન હુમલા કર્યા હતા.



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOG SS NO 166
વિષય :-સાહિત્યિક મંચોનું આંતરિક રાજકારણ
શીર્ષક :- સાહિત્યનો વેપાર
પ્રકાર:-પદ્ય શબ્દો:૮૩

તમામ મંચો અહીં સંબંધનો વેપાર કરે છે,
શબ્દોને પાછળ રાખીને વ્યવહાર કરે છે.

સાચા સર્જક પર જ સૌ કરે છે પ્રહાર,
જૂથોમાં બેઠેલા સૌ પોતાનો વાર કરે છે.

કોણ કેટલો સારો એ કરતાં કોણ કોનો,
આ પ્રશ્ને કેટલાય નિર્ણયો વિચાર કરે છે.

તાળીઓ એને મળે જે સત્તાની પાસે હોય,
બાકી તો સત્ય બોલનારા ઈન્કાર કરે છે.

મંચ પર તો સૌ પ્રેમથી એકબીજાને મળે,
પણ પડદા પાછળ છુપાઈને ઉપકાર કરે છે.

'મુરલી' હવે બંધ કરો આ શબ્દોના સોદા,
સાહિત્ય બચાવનાર સાચો વિચાર કરે છે.

રચના:-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જૂનાગઢ)
★★★★★★★
NOG SS NO.415
વિષયઃ સાહિત્યિક મંચોનું આંતરિક રાજકારણ.
શીર્ષકઃ સાહિત્યિક મંચોનું આંતરિક રાજકારણ
પ્રકાર:ગદ્ય.શબ્દો:૩૨૫

સાહિત્યિક મંચો એ માત્ર કવિઓ, લેખકો અને સાહિત્યપ્રેમીઓના મેળાવડાનું સ્થળ નથી, પરંતુ વિચારોની આપ-લે, સર્જનાત્મક અભિવ્યક્તિ અને સામાજિક ચેતનાના વિકાસનું મહત્ત્વપૂર્ણ માધ્યમ છે. આવા મંચોનો મૂળભૂત હેતુ સાહિત્યની સેવા કરવાનો અને નવી પ્રતિભાઓને પ્રોત્સાહન આપવાનો છે. પરંતુ જ્યારે આ મંચો પર સાહિત્ય કરતાં વ્યક્તિગત સ્વાર્થ, પ્રતિષ્ઠા અને સત્તાની લાલસા હાવી થાય છે, ત્યારે આંતરિક રાજકારણ જન્મ લે છે.
સાહિત્યિક મંચો પર ઘણીવાર જૂથવાદ, ઓળખાણ અને વ્યક્તિગત સંબંધોનું પ્રભુત્વ જોવા મળે છે. કોને મંચ પર સ્થાન આપવું, કોને આમંત્રણ આપવું, કોની રચનાની પ્રશંસા કરવી અને કોને અવગણવા, તેવા નિર્ણયો ક્યારેક સાહિત્યિક ગુણવત્તા કરતાં વ્યક્તિગત સમીકરણોના આધારે લેવાય છે. પરિણામે, પ્રતિભાશાળી સર્જકો હોવા છતાં કેટલાક લોકો પાછળ રહી જાય છે, જ્યારે ચોક્કસ જૂથ સાથે જોડાયેલા લોકોને વારંવાર તક મળે છે.
અસ્તુ.
"સ્નેહિલ"સ્નેહલ વ્યાસઠાકર.
★★★★★★
NOG SS NO 173.
પ્રકાર- ગદ્ય.
શબ્દ સંખ્યા- ૩૧૨.
વિષય 'સાહિત્યિક મંચોનું આંતરિક રાજકારણ'
શીર્ષક - "જૂથબંધી ની ઓટે આહત સાહિત્ય"

સાહિત્યિક મંચ નું આંતરિક રાજકારણઃ જ્યાં શબ્દો કરતાં સમીકરણોનું મહત્ત્વ વધારે હોય!
?સાહિત્યને આપણે સંવેદનાનું મંદિર, વિચારો નું મુક્ત આકાશ અને માનવીય મૂલ્યોનું પ્રતિબિંબ માનીએ છીએ. પરંતુ જ્યારે સાહિત્યિક મંચ પર સર્જન કરતાં જૂથબંધી, પ્રતિભા કરતાં ઓળખાણ અને ગુણવત્તા કરતાં વગનું મહત્ત્વ વધી જાય, ત્યારે પ્રશ્ન થાય છે કે આપણે સાહિત્યની સેવા કરીએ છીએ કે પોતાનાં અહંકારની?
?સાહિત્યિક મંચનું આંતરિક રાજકારણ હંમેશાં ખુલ્લેઆમ નથી દેખાતું. તે ક્યારેક સ્મિત, પ્રશંસા કે મૌનની આડમાં છુપાયેલું હોય છે. પરિણામે, કોઈને વારંવાર તક અને સન્માન મળે છે, તો કોઈની ઉત્તમ રચના પણ ઓળખાણ નાં અભાવે અવગણનાનો ભોગ બને છે. ધીમે ધીમે સર્જનનું મૂલ્યાંકન સર્જકની પ્રતિભાથી નહીં, પણ તે કયા જૂથ સાથે જોડાયેલ છે તેના આધારે થવા લાગે છે.?આજનાં સોશિયલ મીડિયાનાં યુગમાં પરસ્પર પ્રશંસા અને 'લાઈક્સ'ની હોડમાં સાહિત્યિક ગુણવત્તા ગૌણ બની ગઈ છે. અહીં વિવેચનને વિરોધ અને અસંમતિને અણગમો માનવાની વૃત્તિ સર્જનાત્મક સંવાદને નબળો પાડે છે. આ પરિસ્થિતિનો સૌથી મોટો ભોગ નવોદિત અને નિષ્ઠાવાન સર્જકો બને છે. વારંવારની ઉપેક્ષાથી કાં તો તેઓ મૌન થઈ જાય છે, અથવા સ્વીકૃતિ મેળવવાની દોડમાં પોતાની સર્જનનિષ્ઠા સાથે સમાધાન કરવા લાગે છે. આ નુકસાન માત્ર વ્યક્તિનું નથી, પણ સમગ્ર સાહિત્યની સ્વતંત્રતા અને વિશ્વસનીયતાનું છે. ?અલબત્ત, દરેક જૂથબંધી રાજકારણ નથી હોતી, અને દરેક પ્રશંસા પક્ષપાત નથી હોતી. પરંતુ સમસ્યા ત્યારે ઊભી થાય છે જ્યારે સંબંધો ન્યાય કરતાં મોટા બની જાય. સાહિત્યિક મંચનું ગૌરવ ભવ્ય કાર્યક્રમો કે પુરસ્કારોથી નહીં, પરંતુ તેની નિષ્પક્ષતા, પારદર્શિતા અને નવા સર્જકોને મળતી સમાન તકોથી નક્કી થવું જોઈએ.
?સાહિત્યિક મંચ કોઈની વ્યક્તિગત જાગીર નથી. અહીં વ્યક્તિઓ કરતાં શબ્દોનું અને સંબંધો કરતાં સર્જનનું સન્માન થવું જોઈએ. મંચ સંચાલકો અને વરિષ્ઠ સર્જકોની જવાબદારી છે કે તેઓ ખુલ્લી ચર્ચા, નિષ્પક્ષ નિર્ણય અને નવોદિતોને યોગ્ય માર્ગદર્શન આપવાની પરંપરા વિકસાવે.
?જે મંચ પર સત્ય કરતાં સમીકરણો, અને વિચાર કરતાં અહંકારનું વર્ચસ્વ વધે છે, ત્યાં સાહિત્ય ગૌણ બની જાય છે. સાહિત્યનું સાચું રાજકારણ સત્તા મેળવવામાં નહીં, પણ સત્યને સ્થાન આપવામાં છે. જે મંચ આ સત્ય ભૂલી જાય છે, ત્યાં શબ્દો તો રહે છે, પણ તેની ગરિમા લુપ્ત થઈ જાય છે.
-ડૉ. દક્ષા જોશી 'નિર્ઝરા'
અમદાવાદ.
★★★★★★★
NOG SS NO: 334
વિષય :-સાહિત્યિક મંચોનું આંતરિક રાજકારણ
શીર્ષક :- સાહિત્યના દરબારમાં
પ્રકાર:પદ્ય શબ્દો:૧૨૧

કલમ કરતાં વધારે કાવાદાવા દેખાય છે ત્યાં,
મંચ પર શબ્દ કરતાં ચહેરા વેચાય છે ત્યાં.

એવોર્ડની હરોળમાં પ્રતિભા નહીં, લાગવગ તોળાય છે ત્યાં,
જેના હાથમાં માળા, એના જ ગળે હાર પહેરાય છે ત્યાં.

વાહ વાહના નાદમાં સાચી ટીકા દબાઈ રહી જાય છે ત્યાં,
જૂથમાં જે નથી, એની રચના ભૂલાઈ જાય છે ત્યાં.

મંચ સંચાલકથી મોટો કોઈ વિવેચક ના કહેવાય છે ત્યાં,
એકની હા માં સૌની હા ભેળવી મંજૂર કરાય છે ત્યાં.

સાહિત્ય સેવા નહીં, ખુરશીની સેવા પૂજાય છે ત્યાં,
પુરસ્કાર પછી પુસ્તક નહીં, ફોટા છપાય છે ત્યાં.

નવા કલમકારનું સપનું દ્વારે જ રોકાઈ જાય છે ત્યાં,
જૂની ખુરશી ના ખસે એવી ખીલ્લે જડાઈ જાય છે ત્યાં.

'સ્નેહદીપ' કહે હવે સાહિત્ય ક્યાં રહ્યું, બજાર રહ્યું,
જ્યાં કલમ નહીં, તાળીઓથી કદ મપાય છે ત્યાં.

મહેશ રાઠોડ ' સ્નેહદીપ ' (અમદાવાદ)
★★★★★★
NOG SS NO : 421
વિષય : સાહિત્યિક મંચોનું આંતરિક રાજકારણ
શીર્ષક : સાહિત્યનો વેપાર
પ્રકાર:પદ્ય શબ્દો: ૧૨૭

જ્યાં કલમની કિંમત કરતાં ખુશામતખોરીનો અવાજ મોટો થાય, ત્યાં સાહિત્યનો વેપાર શરૂ થાય છે.
આજના સાહિત્યિક મંચોના આંતરિક રાજકારણ, વાડાબંધી અને સંબંધોના સોદાની વરવી વાસ્તવિકતાને ખુલ્લી પાડતી એક અત્યંત સચોટ પદ્ય રચના..

તમામ મંચો અહીં સંબંધનો વેપાર કરે છે,
શબ્દોને પાછળ રાખીને વ્યવહાર કરે છે.

કોણ કેટલો સારો એ કરતાં કોણ કોનો,
આ પ્રશ્ને કેટલાય નિર્ણયો વિચાર કરે છે.

તાળીઓ એને મળે જે સત્તાની પાસે હોય,
બાકી તો સત્ય બોલનારા ઈન્કાર કરે છે.

મંચ પર તો સૌ પ્રેમથી એકબીજાને મળે,
પણ પડદા પાછળ છુપાઈને ઉપકાર કરે છે.

'સલિલ' હવે બંધ કરો આ શબ્દોના સોદા,
હૃદયમાં રાખી 'જલન' સાચો વિચાર કરે છે.
"સલિલ મહેતા" (જલન)
★★★★★★★
NOG. SS No: 194
વિષય : સાહિત્યિક મંચોનું આંતરિક રાજકારણઃ
શીર્ષક : સર્જન અને સત્તા વચ્ચેનો અદ્રશ્ય સંઘર્ષ
પ્રકાર ગદ્ય,શબ્દ :૩૫૦

સાહિત્ય એ માનવ સંવેદના, વિચારો અને સત્યનું અભિવ્યક્તિમાધ્યમ છે. પરંતુ જ્યારે આ સાહિત્યિક પ્રવૃત્તિઓ મંચો, પરિષદો, સંસ્થાઓ કે અકાદમીઓનું રૂપ ધારણ કરે છે, ત્યારે તેમાં સાહિત્યિક રાજકારણનો પ્રવેશ સહજ પણ વિષાદપૂર્ણ બની જાય છે. સાહિત્યિક મંચોનું આંતરિક રાજકારણ આજના સમયમાં વધુ ગહન અને જટિલ બનતું ગયું છે.

?સાહિત્યિક મંચોનો મૂળ હેતુ ઊભરતા સર્જકોને પ્રોત્સાહન આપવું, ગુણવત્તાસભર કૃતિઓની સમીક્ષા કરવી અને ભાષા-સાહિત્યનો વિકાસ કરવાનો હોય છે. પરંતુ વ્યવહારમાં આ મંચો ઘણીવાર જૂથબંધી, પદ-પ્રતિષ્ઠા અને સત્તાના કેન્દ્રો બની જાય છે. મંચ પર કોને સ્થાન આપવું, કયા કવિ કે લેખકને વ્યાસપીઠ પરથી બોલવા દેવા અને કોને પ્રેક્ષકગણમાં બેસાડવા – એ નિર્ણય સાહિત્યિક ગુણવત્તા કરતાં વ્યક્તિગત સંબંધો અને જૂથના સમીકરણો પર વધુ આભાર - નિહારીકા રવિયા આધાર રાખવા લાગે છે.
?આ રાજકારણને પ્રશસ્તી મંડળોથી સૌથી મોટું નુકસાન થાય છે. અમુક ચોક્કસ જૂથો પોતાના માણસોને એવોર્ડ, પુરસ્કાર કે મંચ પર સ્થાન અપાવવા માટે સક્રિય થઈ જાય છે. પરિણામે, સાચું અને મૌલિક કામ કરનાર સાહિત્યકાર હાસિયામાં ધકેલાઈ જાય છે, જ્યારે નેટવર્કિંગ અને જી હજૂરી કરનારા મધ્યમવર્ગીય સર્જકો ચમકતા રહે છે.?એવોર્ડ અને પુરસ્કારોની વહેંચણી વખતે આ આંતરિક રાજકારણ સૌથી વધુ સપાટી પર આવે છે. ન્યાયમૂર્તિઓ કે પસંદગી સમિતિના સભ્યોની પસંદગીથી માંડીને વિજેતાના નામની જાહેરાત સુધી, પડદા પાછળની રમતો અને "હું તને આપું , તું મને આપ " જેવી આપ-લેની નીતિ સ્પષ્ટ દેખાઈ આવે છે. વિવેચન પણ હવે તટસ્થ નથી રહ્યું.તે વ્યક્તિગત રાગ-દ્વેષ અથવા જૂથની વફાદારીના આધારે લખાવા લાગ્યું છે.
?નવા અને યુવાન સર્જકો માટે આ વાતાવરણ ભારે હતાશાજનક સાબિત થાય છે. જ્યારે તેઓ જુએ છે કે પ્રતિભા કરતાં ઓળખાણ અને ચરણસ્પર્શ વધુ મહત્વના છે, ત્યારે ઘણા આશાસ્પદ સર્જકો મંચોથી અંતર બનાવી લે છે અથવા સિસ્ટમનો ભોગ બની પોતાની મૌલિકતા ગુમાવી બેસે છે.
?જોકે, આ ચિત્રનું બીજુ પાસુ એ પણ છે કે સાચું સાહિત્ય ક્યારેય મંચો કે એવોર્ડનું મોહતાજ નથી હોતું. સમયનો કસોટીપથ્થર અંતે તો કૃતિની ગુણવત્તાને જ પરખે છે. આજનો ડિજિટલ યુગ અને સોશિયલ મીડિયા આવા એકાધિકારવાદી મંચોને પડકારી રહ્યા છે, જ્યાં લેખક સીધો વાચક સાથે જોડાઈ શકે છે.
?નિષ્કર્ષરૂપે, સાહિત્યિક મંચોએ પોતાના આંતરિક રાજકારણથી ઉપર ઊઠીને સ્વાર્થ અને જૂથબંધીનો ત્યાગ કરવો પડશે. જો સાહિત્યિક સંસ્થાઓ પોતાની પવિત્રતા અને તટસ્થતા નહીં જાળવે, તો તેઓ જનમાનસમાં પોતાની ગરિમા ખોઈ બેસશે. સર્જનને સત્તાના રાજકારણથી મુક્ત રાખવું એ જ સાહિત્યના હિતમાં છે.
નામ : ખ્યાતિ જીગર દેસાઈ અમદાવાદ.

પહેલાં શબ્દ સંબંધ, પછી બ્રહ્મસંબંધ અને છેલ્લે પ્રત્યક્ષ સંબંધ

જપનો અતૂટ તાર - જ્યાં જીવ જપે છે ત્યાં પરમાત્મા તેની પાછળ ફરે છે


આપણે આખી જિંદગી ભગવાનની પાછળ ફરીએ છીએ.મંદિરે જઈએ, તીર્થે જઈએ,માળા કરીએ.પણ શાસ્ત્ર એક ઉલટી વાત કહે છે - પરમાત્માનાં નામનો જે જપ કરે છે તેની પાછળ પાછળ પરમાત્મા ફરેછે
વાત પણ ખરી છે. ભક્ત ભગવાનને શોધે છે, પણ જ્યારે ભક્ત સાચો જપ કરે છે ત્યારે ભગવાન ભક્તને શોધે છે.જપ એટલે શું?જપ એટલે જીવનો ઈશ્વર સાથે સંબંધ.નારદજી પોતાની પૂર્વ જન્મની કથામાં આ જપનું આખું વિજ્ઞાન સમજાવે છે.
ગુરુએ મને વાસુદેવ ગાયત્રી મંત્રના ૩૨ લાખ જપ કરવાનું કહ્યું. કહે કે બત્રીસ લાખ જપ થશે,તો વિધાતા ના લેખ પણ ભુંસાશે,પાપનો વિનાશ થશે. માટે, રાત ને દિવસ કેવળ આ મહામંત્રનો જપ કરજે.
આપણે ત્યાં કહેવત છે,લલાટે લખ્યું બ્રહ્માએ, તેને કોઈ મિથ્યા ન કરે. બ્રહ્માએ કપાળ પર જે લખ્યું છે તે કોઈ ભૂંસી શકતું નથી. પણ ગુરુ કહે છે - જપથી ભૂંસાય છે. બત્રીસ લાખ જપ એ કોઈ ગણતરી નથી, એ નિષ્ઠા છે.
જપની ગણતરી કરવાની હોય નહીં, પણ ગુરુ ગણતરી કરાવે છે કેમ? કારણ કે મન ચંચળ છે. જો ગણતરી ન હોય તો મન કહેશે - ઘણો જપ કરી લીધો. ગણતરી એટલે લગામ. એક લક્ષ્ય પૂરું થાય ત્યાં સુધી મનને બાંધી રાખવું.
મંત્રથી જીવનો ઈશ્વર સાથે સંબંધ થાય છે. પહેલાં શબ્દ સંબંધ થાય છે. આપણે મંત્ર બોલીએ છીએ. પછી બ્રહ્મસંબંધ થાય છે - મંત્ર અંદર ઉતરે છે, મન શુદ્ધ થાય છે. અને છેલ્લે પ્રત્યક્ષ સંબંધ થાય છે - સાક્ષાત ભગવાન દેખાય છે. આ ત્રણ પગથિયાં છે.રોજ એવીભાવના રાખવી કે શ્રીકૃષ્ણ મારી સાથે છે. ખાવા બેસો ત્યારે એવી ભાવના કરો કનૈયો જમવા બેઠો છે. સૂઓ ત્યારે પ્રભુ સાથે સૂતા છે એવી ભાવના કરો.
આ ભાવના યોગ છે. આપણે ભગવાનને દૂર માનીએ છીએ. મંદિરમાં છે, વૈકુંઠમાં છે. પણ ગુરુ કહે છે - ભગવાન દૂર નથી, તમારી સાથે જ છે. તેને સાથે રાખો.
યોગ સિદ્ધ થાય નહીં ત્યાં સુધી ભાવના ભર્યા કરો. એક દિવસ ભાવના જ સાચી થઈ જશે. જેમ નાનું બાળક પોતાની મા વગર ખાતું નથી, તેમ ભક્ત કનૈયા વગર ખાતો નથી. આ ટેવ પાડવાની છે.પછી મને છેલ્લો ઉપદેશ દેતાં ગુરુજીએ કહ્યું - બેટા,તું બાલકૃષ્ણનું ધ્યાન કરજે.શ્રી કૃષ્ણનું બાલસ્વરૂપ અતિ મનોહરછે.
બાળકને થોડું આપો તો પણ રાજી થાય છે. મોટા માણસને લાખ આપો તો પણ સંતોષ નથી થતો.ભગવાન નું પણ એવું છે.બાળ સ્વરૂપ જલ્દી રીઝે છે.થોડા પ્રેમથી રાજી થઈજાય તેથી ગુરુદેવે બાલ ઉપાસનાની આજ્ઞા કરી.
મારા ગુરુજી મને છોડીને ગયા. મને ઘણું દુઃખ થયું. દુર્જન જ્યારે મળે છે ત્યારે દુઃખ આપે છે. સંત જ્યારે છોડીને જાય છે ત્યારે દુઃખ આપે છે. આટલું કહેતાં કહેતાં નારદજી રડી પડ્યા.
કેવું સુંદર વાક્ય છે! દુર્જનનું મળવું દુઃખદાયી છે અને સંતનું છૂટવું દુઃખદાયી છે. સંસારીનું મળવું ક્ષણિક સુખ આપે પણ છૂટવું સુખ આપે. પણ સંતનું ઊંધું છે.
થોડીવાર પછી એમણે વાત આગળ ચલાવી : મેં નિશ્ચય કર્યો અને જપ શરૂ કર્યો. હું સતત જપ કરતો. જપ કર્યા સિવાય મને ચેન પડે નહીં. હાલતાં-ચાલતાં અને સ્વપ્નમાં પણ જપ કરું.
આ છે નિષ્ઠા. જપ એટલે બેસીને માળા કરવી એટલું જ નથી. જપ એટલે શ્વાસ બની જવો. હાલતાં- ચાલતાં, સ્વપ્નમાં પણ જપ ચાલે. જપની ધારા અતૂટ રહેવી જોઈએ.
એક વર્ષ સુધી વાણીથી જપ કરવા, ત્રણ વર્ષ કંઠથી જપ કરવા. ત્રણ વર્ષ પછીથી મનથી જપ થશે એ પછી અજપા જપ થાય છે. પહેલા મોટેથી બોલો, પછી ધીમે બોલો, પછી મનમાં બોલો અને પછી બોલ્યા વગર જપ ચાલે - આ અજપા જપ છે.
માને આ ગમતું ન હતું તેમ છતાં મેં બાર વર્ષ સુધી બાર અક્ષરના મહામંત્રનો જપ કર્યો. મનુષ્ય જપ કરે છે ને છળકપટ પણ કરે છે, તો તેના પુણ્યનો નાશ થાય છે. માની બુદ્ધિ ભગવાન ફેરવશે એમ માની મેં કદી સામો જવાબ આપ્યો નહીં. મેં મારી માનો કોઈ દિવસ અનાદર કર્યો નહીં.
જુઓ, ભક્તિની સાથે શીલ પણ જોઈએ. ઘણા લોકો માળા કરે છે, પણ સાથે જૂઠું બોલે છે, છળકપટ કરે છે. તો પુણ્યનો નાશ થાય છે. જપની સાથે સદાચાર જોઈએ.તે પછી એક દિવસે માતા ગૌ શાળામાં ગઈ, ત્યાં તેને સાપ કરડયો. માએ શરીરનો ત્યાગ કર્યો.મેં માન્યું કે મારો ઋણ સંબંધ પૂરો થયો ને મારા ભગવાનનો મારા ઉપર અનુગ્રહ થયો.
લોકો કહેશે - મા મરી ગઈ અને આને અનુગ્રહ લાગે છે? પણ નારદજી જ્ઞાની છે. તેમણે જાણ્યું કે આ તો ભગવાનની લીલા છે. ગુરુએ કહ્યું હતું - તારા ભજનમાં જો તારી મા વિક્ષેપ કરશે તો ઠાકોરજી કાંઇક લીલા કરશે. તે લીલા થઈ.
માતાજીના શરીરને અગ્નિ સંસ્કાર કર્યા. મને આનંદ થયો કે માતાજીના ઋણમાંથી હું મુક્ત બન્યો. ઘરમાં જે કંઈ હતું તે સર્વ માની પાછળ મેં વાપરી નાખ્યું. મને પ્રભુમાં શ્રદ્ધા હતી તેથી મેં કંઈ સંઘર્યું નહીં.
જેનું જીવન કેવળ ઈશ્વર માટે છે, તે કદાપિ સંગ્રહ ન કરે. સંગ્રહ એટલે અવિશ્વાસ. ભગવાન આપશે કે નહીં તેવી શંકા. ભક્ત કદી સંગ્રહ કરતો નથી.
જન્મ થતાં પહેલાં જ માતાના સ્તનમાં દૂધ ઉત્પન્ન કરનાર દયાળુ ભગવાન મારા પોષણની વ્યવસ્થા શું નહીં કરે? પરમાત્મા વિશ્વંભર છે તો શું એ મારું પોષણ નહીં કરે? પહેરેલાં કપડે મેં ઘરનો ત્યાગ કર્યો.
આ શ્રદ્ધા છે. બાળક જન્મે તે પહેલા મા ના સ્તનમાં દૂધ આવી જાય છે. કોણ મોકલે છે? ભગવાન. તો જે ભગવાન જન્મ પહેલા વ્યવસ્થા કરે છે, તે જીવનભર વ્યવસ્થા નહીં કરે?
ભગવાન નાસ્તિકનું પણ પોષણ કરે છે. નાસ્તિક કહે છે, હું ઈશ્વરમાં માનતો નથી. પરંતુ મારા પરમાત્મા કહે છે, બેટા તું મને માનતો નથી પણ હું તને માનું છું તેનું શું? જીવ ભલે અજ્ઞાનમાં ગમે તેમ બોલે, પણ ઠાકોરજી કહે છે, તું મારો અંશ છે.
એ તો ઠાકોરજીની કૃપા છે એટલે લીલાલહેર છે. ઠાકોરજીની કૃપા ન હોય તો લાખની રાખ થતાં વાર લાગશે નહીં. આ સંસાર ઠાકોરજી ના આંગળીના ટેરવા ઉપર છે. ઠાકોરજીના આધારે એટલે સુખી છે. ફટકા પડે છે, ત્યારે ઘણાં ભગવાનમાં માનવા લાગે છે, પરંતુ ફટકો પડતાં સાવધ થાય તે ડાહ્યો.
જે ઈશ્વરનો કાયદો પાળતો નથી, ધર્મને જે માનતો નથી તેવા નાસ્તિક નું પોષણ પણ પરમાત્મા કરે છે. તો મારું પોષણ કનૈયો શું નહીં કરે? મેં કોઈ વસ્તુનો સંગ્રહ કર્યો નથી, પણ મારા ભગવાનને કોઈ દિવસ ભૂખ્યા રાખ્યા નથી.
બાર વર્ષ સુધી મેં અનેક તીર્થોમાં ભ્રમણ કર્યું. એમ ફરતો ફરતો હું ગંગા નદીને કિનારે આવ્યો. ગંગાસ્નાન કરી એક પીપળાના ઝાડ નીચે બેસી હું જપ કરતો હતો. ગુરુદેવે આજ્ઞા કરી હતી કે ખૂબ જપ કરજે. પ્રભુ દર્શન આપે તો પણ જપ છોડતો નહીં.
ગંગાકિનારે બાર વર્ષ રહ્યો. ચોવીસ વર્ષથી હું ભાવના કરતો હતો કે કનૈયો મારી પાસે છે. પણ મારા પૂર્વજન્મના પાપે મને તેનાં દર્શન થતાં નથી. છતાં શ્રદ્ધા હતી કે એક દિવસ તે મને દર્શન આપશે.
મારો દૃઢ નિર્ધાર હતો કે મારે શ્રી કૃષ્ણનાં પ્રત્યક્ષ દર્શન કરવાં. શ્રીકૃષ્ણ દર્શનની તીવ્ર લાલસા જાગી. પળે પળે મને થાય કે મારા શ્રીકૃષ્ણની ઝાંખી થાય તો કેવું સારું?અને છેવટે મારા લાલાએ કૃપા કરી. એક દિવસ ધ્યાનમાં મને સુંદર નીલવર્ણો પ્રકાશ દેખાયો. પ્રકાશને નિહાળી હું જપ કરતો હતો, ત્યારે પ્રકાશમાંથી બાલકૃષ્ણનું સ્વરૂપ પ્રગટ થયું. મને બાલકૃષ્ણ લાલના મનોહર સ્વરૂપની ઝાંખી થઈ.
મારા શ્રીકૃષ્ણે કસ્તૂરીનું તિલક કર્યું હતું, વક્ષઃસ્થળમાં કૌસ્તુભ માળા ધારણ કરેલી હતી. નાકમાં મોતી હતું. આંખો પ્રેમથી ભરેલી હતી. મને જે આનંદ થયો તેનું વર્ણન કરવાની શક્તિ મારી વાણીમાં તો શું, પણ સરસ્વતીમાં પણ નથી.
ચોવીસ વર્ષની ભાવના, બત્રીસ લાખ જપ, બાર વર્ષનું તીર્થાટન - પછી એક ક્ષણમાં બધું સાર્થક થયું. આ છે જપનું ફળ.પણ અહીં ગુરુ ની આજ્ઞા યાદ રાખો પ્રભુ દર્શન આપે તો પણ જપ છોડતો નહીં. કારણ કે દર્શન એ અંત નથી, જપ એ જ જીવન છે. દર્શન પછી પણ જપ ચાલુ રહે તો જ પ્રેમ ટકે.
આપણું જીવન પણ નારદ જેવું છે. આપણે પણ સંસારમાં ભટકીએ છીએ. પણ જો એક વાર કોઈ સંતની નજર પડી જાય, એક વાર મહાપ્રસાદ મળી જાય, એક વાર ગુરુ મંત્ર આપી દે, તો બત્રીસ લાખ નહીં, પણ એક નામ પણ વિધાતાના લેખ ભૂંસી શકે.માટે આજથી નક્કી કરો - ખાવા બેસો ત્યારે કનૈયા સાથે છે,સૂઓ ત્યારે કનૈયા સાથે છે,ચાલો ત્યારે કનૈયા સાથે છે. જપની ધારા તૂટે નહીં તેનું ધ્યાન રાખો.સંગ્રહ કરવાનું છોડો, વિશ્વંભર પર વિશ્વાસ રાખો.
જે જપ કરે છે તેની પાછળ ભગવાન ફરે છે. તમે જપ કરો, કનૈયો તમારી પાછળ ફરશે.
યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ થરા તા ઓગડ જિ બનાસકાંઠા

સુરતઃ પૂર દરમિયાન સેવાભાવી સંસ્થાઓની સેવા વચ્ચે પાલિકાના ખર્ચનો હિસાબ ચર્ચામાં

જુલાઈ મહિનામાં સુરતમાં ત્રણ વખત આવેલા ખાડી પૂરને કારણે લિંબાયત ઝોનના અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ખાડીના પાણી રહેણાંક વિસ્તારમાં ફરી વળતાં સેંકડો પરિવારોને ઘર છોડીને રાહત કેન્દ્રોમાં આશરો લેવાની ફરજ પડી હતી. આ મુશ્કેલ સમયમાં અસરગ્રસ્ત પરિવારોને ભોજન પૂરું પાડવા અનેક સેવાભાવી સંસ્થાઓ પણ આગળ આવી હતી. બીજી તરફ, સુરત પાલિકાના લિંબાયત ઝોન દ્વારા પૂરગ્રસ્તો માટે ફૂડ પેકેટ અને ભોજનની વ્યવસ્થા પાછળ અંદાજે ૬૦ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

સુરતમાં દર વર્ષે ચોમાસા દરમિયાન ખાડી પૂરની સમસ્યા સર્જાય છે. જોકે, આ વર્ષે જુલાઈ મહિનામાં જ ત્રણ વખત ખાડી પૂરની સ્થિતિ ઊભી થતાં લિંબાયત સહિતના વિસ્તારોમાં નાગરિકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ૭ જુલાઈના રોજ સુરત શહેર અને ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને પગલે મીઠી ખાડી સહિતના વિસ્તારોમાં પાણી ભરાયાં હતાં. ત્યારબાદ ૨૨ જુલાઈએ ભારે વરસાદને કારણે ફરી પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. મહિનાના અંતે ૩૧ જુલાઈએ પણ ખાડીનાં પાણી રહેણાક વિસ્તારમાં ફરી વળતાં અનેક પરિવારો પ્રભાવિત થયા હતા.

ખાડી પૂર દરમિયાન સરકારી તંત્રની સાથે અનેક સેવાભાવી સંસ્થાઓ અને સામાજિક કાર્યકરો પણ અસરગ્રસ્તોની મદદે આવ્યા હતા. પૂરગ્રસ્ત વિસ્તારમાં ફૂડ પેકેટનું વિતરણ કરવા ઉપરાંત જરૂરિયાતમંદ પરિવારોને ભોજન સહિતની સહાય પૂરી પાડવામાં આવી હતી. કુદરતી આફતના સમયે વિવિધ સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલી સેવાકીય પ્રવૃત્તિ થી અસરગ્રસ્તોને રાહત મળી હતી. બીજી તરફ, લિંબાયત ઝોન દ્વારા ભોજનની વ્યવસ્થા પાછળ કરવામાં આવેલા ૬૦ લાખ રૂપિયાના ખર્ચ કરવામાં આવ્યો હતો તે ચર્ચાનો વિષય બન્યો છે



વીર રેસીડેન્સી બંગલોઝ, મહુડી ધામ, મહુડી રોડ ખાતે પૂજ્ય આચાર્ય શ્રી શિવસાગર મહારાજ સાહેબના પાવન હસ્તે ''નાભિ વાસ્તુ બુક''નું વિમોચન સમારોહ સફળતાપૂર્વક સંપન્ન થયો.

દશેરાએ ગુજરાતમાં ચણા-મમરાની જેમ કાર-ટુ વ્હીલરનું વેચાણઃએક દી'માં ૧૧,૦૦૦ કાર અને ૫૦,૦૦૦ ટુ વ્હીલર વેચાઈ



ગુજરાતમાં નવ દિવસ મનમૂકીને ગરબા રમ્યા બાદ લોકોએ દશેરાના શુભ પ્રસંગે મનમૂકીને વાહનોની પણ ખરીદી કરી. ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડિલર્સ એસોસિએશનના મતે રાજ્યમાં એક જ દિવસમાં ૧૧ હજાર કાર અને ૫૦ હજાર ટુ વ્હીલરનું વેચાણ થયું.૫-૧૦ લાખ રૂપિયાની કાર વચ્ચે ઉથી ૪ કરોડમાં વેચાતી મર્સિડિઝ, ઓડી અને મ્સ્ઉનો પણ દબોદબો રહ્યો. પેટ્રોલ-ડીઝલની સાથે સાથે મોટી સંખ્યામાં લોકો ઈફ પણ ખરીદતા જોવા મળ્યા.ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડિલર્સ એસોસિએશન (ફ્બ્છફ્બ્છ)ના ચેરમેન પ્રણવ શાહે જણાવ્યું કે, ટુ-વ્હીલર અને ફોર-વ્હીલરની ખરીદી માટે આ ખૂબ જ મહત્વનો તહેવાર હોય છે અને કસ્ટમર લગભગ આ દિવસે જ ખરીદી કરવાનો આગ્રહ રાખતા હોય છે. આજની વાત કરીએ તો, લગભગ ૮ થી ૧૦ ટકા જેવો ગ્રોથ ગયા વર્ષના દશેરા અને નવરાત્રીના કમ્પેરીઝનમાં જોવા મળી રહ્યો છે. અમદાવાદમાં લગભગ આશરે ૬૦૦૦ થી ૬૫૦૦ જેટલા ટુ-વ્હીલર અને ૨૫૦૦ થી ૩૦૦૦ જેવી કારની ડિલિવરી થઈ છે.અમદાવાદમાં સામાન્ય કારની સાથે ઓડી, બીએમડબલ્યુ અને મર્સિડિઝ જેવી લકઝરી કારનું પણ ધૂમ વેચાણ થયું. ઓડી શોરૂમના મેનેજર હર્ષભાઈએ દિવ્યભાસ્કર સાથેની ટેલીફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, અમારે ત્યાંથી નવરાત્રી દરમિયાન પહેલા નોરતે ઓડીનું સ્પોર્ટ્સ મોડલ જે ૨.૫ કરોડથી શરૂ થાય છે તે એક અમદાવાદમાં વેચાઈ હતી અને આજે સુરતમાં બે જ સ્પોર્ટસ કાર જેમાંથી એક અઢી કરોડની અને એક સાડા ત્રણ કરોડની છે તે મોકલવામાં આવી છે. ઓડીના ્ઉ દ્બ્ઢીક્ષ જે નવી ્ઉ છે અને જૂની ્ઉ છે એ બંને મોડલનું સૌથી વધારે વેચાણ થયું છે. તેની માંગ પણ સૌથી વધુ છે. બાકી દર વર્ષની સરખામણીમાં ડબલ કાર વેચાઈ છે.તહેવારોની સિઝનમાં સુરતીલાલાઓએ વાહનોની ખરીદીમાં જોરદાર ઉત્સાહ દાખવ્યોછે. નવરાત્રિના ૯ પાવન દિવસો દરમિયાન સુરત આરટીઓ કચેરી ખાતે ૯,૮૮૮ નવા વાહનોનું રેકોર્ડબ્રેક રજિસ્ટ્રેશન નોંધાયું છે, જે મુજબ શહેરના માર્ગો પર રોજના સરેરાશ ૧,૦૦૦થી વધુ નવા વાહનો ઉમેરાયા છે. બીજી તરફ, વિજયાદશમી (દશેરા)ના શુભ મુહૂર્તમાં અમીરોએ મન મૂકીને ખરીદી કરતાં એક જ દિવસમાં કરોડો રૂપિયાની સુપર લક્ઝરી કાર્સની ડિલિવરી લેવામાં આવી હતી.દશેરાના દિવસે શહેરના હાઈ-એન્ડ કાર શોરૂમ્સમાં ખરીદીનો જોરદાર માહોલ જોવા મળ્યો હતો. જેમાં એક જ દિવસમાં મર્સિડીઝ-બેન્ઝની ૧૫થી વધુ કાર્સ વેચાઈ હતી.

તુરખા ગ્રામ પંચાયતના નવનિર્મિત મકાનનું જિલ્લા પ્રમુખ પાયલબેન માથોળીયાના હસ્તે લોકાર્પણ

તુરખા ગામે આજે જિલ્લા પ્રમુખ શ્રીમતી પાયલબેન માથોળીયાના હસ્તે તુરખા ગ્રામ પંચાયતના મકાનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા પ્રમુખ શ્રી કિશોરભાઈ ભૂપતભાઈ મેર, તુરખા ગ્રામ પંચાયતના સરપંચશ્રી, પંચાયતના સભ્યશ્રીઓ તેમજ ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ ગ્રામ પંચાયતની કામગીરી અને ગામના વિકાસ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. ગ્રામ પંચાયતનું મકાન ગામના વહીવટી કામકાજ અને ગ્રામજનોને જરૂરી સેવાઓ પૂરી પાડવામાં ઉપયોગી બનશે.આ પ્રસંગે ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ, ગામના આગેવાનો અને ઉપસ્થિત મહાનુભાવોની હાજરીમાં લોકાર્પણ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

અહેવાલઃ કનુભાઈ ખાચર



સિદ્ધપુરમાં સરસ્વતી નદી કિનારે બે સરસ્વતીના મંદિરો



અમદાવાદ : ગુજટાતમાં અનેક યાત્રા ધમો અને મંદિરો આવેલા છે કેટલાક મંદિરો તો સ્વયંભુ પ્રગટ થયા હોવાનો ઉલ્લેખ જોવા મળે છે એટલેજ ગુજરાત માં પ્રવાસીઓની સંખ્યા વધુ જોવા મળે છે હવે અહીં વાત કરવાની છે કે મંદિરો ઘણાં જોયા પણ સિદ્ધપુરમાં સરસ્વતી માતાનું મંદિર આવેલ છે એ પણ એક નહીં બે મંદિરો આવેલા છે. બંને મંદિરો આશ્થા કેન્દ્ર છે સિદ્ધપુરમાં નદી તરફ જતા ઢાળ પર ઉતરીએ તો એક તરફ ઐતિહાસિક મહાદેવ મંદિર અને સામે જ મા સરસ્વતીનું મંદિર જોવા મળે છે. સિદ્ધપુરમાં વિક્રમ સંવત ૧૯૫૦ને માગસર સુદ પાંચમના દિવસે સુરતના વતની દામોદરદાસ તાપીદાસ શાહે આ સરસ્વતી મંદિર બંધાવ્યું હતું. સરસ્વતી માતાનું મંદિર આજે પણ આસ્થાનું કેન્દ્ર છે. સ્થાનિક લોકોના કહેવા મુજબ સરસ્વતીનું એક બીજું મંદિર રુદ્રમહાલય પાસે પણ આવેલું છે.સરસ્વતીના કિનારે વસેલા સિદ્ધપુરમાં વિદ્યાના દેવી મા સરસ્વતી ના બે મંદિરો આવેલા છે. બંને મંદિર સરસ્વતી નદીના કિનારે આવેલા છે. રુદ્રમહાલય નજીક નદી કાંઠે અતિ પ્રાચીન વૈકુંઠ ઘાટ આવેલો છે. આ વૈકુંઠ ઘાટ લગભગ ૧૨૦૦ વરસ જેટલું પ્રાચીન સરસ્વતી માતાનું મંદિર આવેલું છે. આ મંદિરની સ્થાપના અને પ્રાણ પ્રતિષ્ઠા સિદ્ધરાજ જયસિંહ દ્વારા કરવામાં આવ્યું હોવાનું મનાય છે.

સરસ્વતી નદીના તટે બાવાજીની વાડીની સામે બીજું પણ એક સરસ્વતી માતાનું મંદિર આવેલું છે. કહેવાય છે કે સુરતના વતની દામોદરદાસ એક વાર સિદ્ધપુરમાં સરસ્વતી નદીના કિનારે ફરી રહ્યા હતા. એમને વિચાર આવ્યો કે કુંવારીકા તરીકે ઓળખાતા સરસ્વતી માતાનું મંદિર અહીં કિનારા નજીક હોય તો કેવું સારું. એમણે આ વિચારને અમલમાં મૂકવા નદીકાંઠા નજીકની જમીન ખરીદી મંદિર બનાવવાની શરૂઆત કરી. માગસર સુદ પાંચમે મંદિરમાં મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. એમના વંશજો પાંચ પેઢીથી આ મંદિરનું સંચાલન કરી રહ્યા છે. છેલ્લી પાંચ પેઢીથી કુબેરજી ખુશાલદાસ વ્યાસ પરિવારના વંશજો દ્વારા મંદિરમાં પૂજા-અર્ચના અને સેવા થાય છે. મંદિરમાં બે ફૂટ ઊંચી, મયુર પર સવાર ચારભૂજાધારી સરસ્વતી દેવીની આરસની દેદીપ્યમાન મૂર્તિ આવેલી છે. માતાજીને દરરોજ રંગબેરંગી વાઘાથી શણગારવામાં આવે છે. વિદ્યાર્થીઓ વિદ્યા પ્રાપ્તિ માટે વિદ્યાના દેવી સરસ્વતી દેવીની સ્તુતિ અને પાઠ કરવા આવે છે.

માગસર સુદ પાંચમે માતાજીનો પાટોત્સવ યોજાય છે. જેમાં નવચંડી યાગ, હોમ, હવન, પૂજા, અભિષેક જેવા અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાય છે. દર વરસે કારતક સુદ એકમના દિવસે અન્નકૂટ ઉત્સવ તેમજ કાર્તિકી પુર્ણિમાએ ત્રિવેણી સંગમ નિમિત્તે સરસ્વતી નદીના પટમાં લોકમેળો ભરાય છે. મહા સુદ પાંચમ (વસંત પંચમી)ના દિવસે સરસ્વતી માતાજીના પ્રાગટ્ય દિવસની ધામધૂમપૂર્વક ઉજવાય છે. કાર્તિકી પુર્ણિમાના ત્રિવેણી સંગમ સમયે સરસ્વતી મંદિરે મોટી સંખ્યામાં લોકો આવે છે. સિદ્ધપુરનું સરસ્વતી મંદિર કેટલાક રબારી પરિવારોની કુળદેવી છે. મહાદેવ માતાજી હનુમાનજી ગણેશના ઘણાં મંદિરો વિશ્વભરમાં બન્યાં છે. જ્યારે વિદ્યાની દેવી સરસ્વતીના મંદિરો એકંદરે ઓછા જોવા મળે છે.

? સિદ્ધપુરમાં આવેલું બિંદુ સરોવર એ ભારતનું એકમાત્ર એવું સ્થાન છે જ્યાં માતૃ-શ્રાદ્ધ (મૃત માતૃઓની આત્માની શાંતિ માટેનું પિંડદાન) કરવામાં આવે છે. આથી સિદ્ધપુરને 'માતૃ ગયા' પણ કહેવામાં આવે છે. ?આ સરોવર અને નદીના કિનારે ભગવાન શિવના સ્વયંભૂ લિંગો સ્થાપિત છે, જેમાં સિદ્ધેશ્વર મહાદેવ મંદિર મુખ્ય છે. ?પૌરાણિક માન્યતા મુજબ, મહર્ષિ કપિલ (જેમને ભગવાન વિષ્ણુના અવતાર માનવામાં આવે છે)એ અહીં પોતાની માતા દેવહૂતિને સાંખ્ય દર્શન અને મોક્ષનું જ્ઞાન આપ્યું હતું. ?અહીં ભગવાન વિષ્ણુ અને ગરુડજીની દુર્લભ પ્રતિમાની સાથે શિવ મંદિરો આવેલાં છે. એવું પણ માનવામાં આવે છે કે જ્યારે ભગવાન વિષ્ણુએ પોતાની માતા પ્રત્યે કપિલ મુનિની ભક્તિ જોઈ, ત્યારે તેમના આંસુઓથી આ સરોવરની રચના થઈ હતી.

?સરસ્વતી નદીના કિનારે આવેલું અર્વડેશ્વર મહાદેવ અને વાલકેશ્વર મહાદેવ મંદિર અત્યંત પ્રાચીન અને ચમત્કારી માનવામાં આવે છે. ? પૌરાણિક માન્યતા મુજબ, એકવાર માતા સરસ્વતી બાળ કન્યાના સ્વરૂપમાં ભયભીત થઈને અર્બુદારણ્ય (અં???? નજીક)થી શ્રીસ્થળ (સિદ્ધપુર) તરફ આવી રહી હતી ત્યારે એક રાક્ષસ તેમની પાછળ પડ્યો. માતા સરસ્વતી ગભરાઈને ઝડપથી દોડવા લાગી અને સિદ્ધપુર પાસે પહોંચીને રક્ષણ માટે પોકાર કર્યો. તે જ ક્ષણે માતાને ઠોકર વાગી અને તેઓ અસંતુલિત થઈને પડવા લાગ્યા, ત્યારે ભગવાન શિવ ત્યાં લિંગ સ્વરૂપે પ્રગટ થયા અને તેમણે માતા સરસ્વતીને પોતાના કમંડળમાં સંઘરીને રક્ષણ આપ્યું. ?જે જગ્યાએ આ ઘટના બની અને શિવજી પ્રગટ થયા, ત્યાં આજે અર્વડેશ્વર મહાદેવ (જેમનો આકાર ૐકાર જેવો છે) બિરાજમાન છે. આ મંદિરના દર્શનનું પુણ્ય કેદારનાથ જ્યોર્તિલિંગ સમાન માનવામાં આવે છે. ?આ ઉપરાંત, અહીંનું વાલકેશ્વર મહાદેવ મંદિર પણ સ્વયંભૂ લિંગ માટે જાણીતું છે, જેના પર ત્ર????, ? અને નાગની આકૃતિઓ સ્વયંભૂ ઉપસેલી. -વસંત મહેતા (સિનિયર પત્રકાર લેખક)

ઘંટ વગાડતો ખાલી ડબ્બો - પાખંડ ઊપર ઓશોનો હથોડોઃ સારો નહીં, સાચો બન! (સંત સુરા)

ઓશો રજનીશ ભારતનાં સૌથી વિવાદાસ્પદ અને સૌથી વંચાતા ફિલોસોફર છે,તેમણે જબલપુર યુનિવર્સિટીમાં ફિલોસોફી ભણાવી અને સને ૧૯૬૦માં પ્રોફેસરની નોકરી છોડી દીધી. કહ્યું — "હું સત્યને સિલેબસમાં નથી ભણાવી શકતો."! તે પછી દેશ-વિદેશમાં પ્રવચન આપ્યા, અમેરિકામાં ઓરેગોનમાં મોટો આશ્રમ સ્થાપ્યો અને વિવાદમાં રહ્યા, ધરપકડ થઈ,દેશનિકાલ થયો અને છેલ્લે સને ૧૯૯૦માં પૂનામાં દેહ છોડ્યો. આજે પણ તેઓનાં ૬૦૦થી વધુ પુસ્તકો ૬૦ ભાષામાં વંચાય છે!

ખેર, ઓશો કોઈ ધર્મનાં નથી, તે ધર્મની પાછળ છુપાયેલા પાખંડનાં દુશ્મન છે. એટલે જ પંડિત, પાદરી, મુલ્લા — બધા તેનાથી નારાજ રહ્યા!

પાખંડીઓ માટે તેના પાંચ ધારદાર વિચારોઃ

૧. પાખંડી એટલે ભીડઃ
ઓશો કહે છે — એક માણસના અનેક ચહેરા એ જ પાખંડ છે. તું મંદિરમાં હાથ જોડે છે, ઘરમાં બાળકને મારે છે, દુકાનમાં ગ્રાહકને છેતરે છે. તું એક નથી, તું ભીડ છે. પાખંડ એટલે તારું અંદર અને બહાર જુદું હોવું. જે દિવસે અંદર-બહાર એક થઈ જશે, તે દિવસે પાખંડ મરી જશે.

૨. ધર્મનો ધંધોઃ
"મંદિરમાં સૌથી વધુ ઘંટ વગાડનાર માણસથી ચેતજો." ઓશો કહે છે — જેને ભગવાન મળ્યો છે તે શાંત થઈ જાય છે, જેને ભગવાન નથી મળ્યો તે ઘોંઘાટ કરે છે. પાખંડી ધર્મને માઈક પર બોલે છે, કારણ કે તેને અંદરથી ખબર છે કે તે ખાલી છે. ખાલી ડબ્બો વધુ અવાજ કરે.

૩. નીતિવાન પાખંડી સૌથી ખતરનાકઃ
ઓશોનો સૌથી તીખો વિચાર — "ચોર પ્રમાણિક છે, ઓછામાં ઓછું તે ચોર છે એ તો નક્કી છે. પણ નીતિવાન પાખંડી અપ્રમાણિક છે. તે અંદરથી ચોર છે, બહારથી સાધુ છે."

સમાજને ચોરથી નુકસાન નથી થતું, સમાજને નુકસાન એ લોકોથી થાય છે જે સવારે ઉપદેશ આપે છે અને રાત્રે તે જ ઉપદેશ તોડે છે. તેઓ બીજાને પાપથી ડરાવે છે, કારણ કે પોતાના પાપનો તેમને ડર છે.

૪. તું પોતાને જોઃ
બીજાને પાખંડી કહેવું એ સૌથી મોટું પાખંડ છે. ઓશો કહે છે — અરીસો જો. તું બીજાની સ્ત્રીને ખરાબ કહે છે, અને પોતે બીજી સ્ત્રી સામે જુએ છે. તું બીજાને કહે છે પ્રમાણિક બન, અને તું પોતે ટેક્સમાં ચોરી કરે છે. પાખંડ બહાર નથી, પાખંડ તારી અંદર છે. જ્યાં સુધી તું પોતાને નહીં જુએ, ત્યાં સુધી દુનિયા નહીં બદલાય.

૫. અંતિમ સૂત્ર — સાચો બનઃ
ઓશોનો છેલ્લો ઉપાય — "સારો બનવાનું છોડી દે." સારો બનીશ એટલે તું સમાજને ખુશ કરવા અભિનય કરીશ, એટલે પાખંડી બનીશ. સાચો બન. સાચો માણસ ક્યારેક ખરાબ પણ લાગી શકે, પણ તે પાખંડી નથી હોતો.
"ભગવાન પાખંડીના મંદિરમાં નથી રહેતો, ભગવાન બાળકના નિર્દોષ હાસ્યમાં, પ્રેમીની આંખમાં, ફૂલની સુગંધમાં રહે છે. પાખંડી ફૂલને પ્લાસ્ટિક બનાવીને વેચે છે.
અત્રે નિચોડઃ — ઓશો કહે છે, પાખંડીને ભગવાન નથી જોઈતો, ભગવાનના નામે બીક બતાવીને ખુરશી જોઈએ છે. જે દિવસે માણસ બીક છોડશે, તે દિવસે પાખંડીની દુકાન બંધ થઈ જશે! અંતે,અંશતઃપણે અર્થાત કાંઈક અંશે યાને કે, અમુક દરજ્જે આ વિભાગમાં કાયમ જ અત્રે લખતા કટાર લેખક, ઓશો રજનીશનાં બહુધા અંગત વિચારો સાથે સહમત નથી!

લેખકઃસુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat